જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૧/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૩૨/૨૦૨૩

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮ | ૩,૭૨,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૩/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૫/૨૦૨૩**

**નરોડાઃ** હસમુખભાઇ મણીલાલ પટેલ (ઉ.વ.૬૦)(રહે.વેનીસ બગ્લોઝ રાધે સ્કાય લાઇન ફ્લેટ પાસે ન્યુ શાહીબાગ નાના ચીલોડા નરોડા) એ તા.૦૫/૦૧/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દૈનિક પેપરમાં આવેલ “કે.સી.હોલીડેઝ” નામની વિદેશ ટુરની જાહેરાત જોઈ હસમુખભાઇ પટેલે તા.૩૦/૦૭/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સીંગાપુર મલેશીયા તેમજ થાયલેન્ડ જવા સારૂ ઇસ્કોન સેન્ટર શીવરંજની ચાર રસ્તા ખાતે આવેલ કે.સી.હોલીડેઝ ખાતે આરોપી (૧) કીરણસિંહ ચૌહાણ (૨) કિંજલબહેન (૩) વિનોદભાઇ તથા અન્ય એક પુરૂષએ ભેગામળી હસમુખભાઈ પાસેથી રૂપિયા ૧,૬૦,૦૦૦/- મેળવી લઇ ટુરમા નહી મોકલી કે પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૬/૨૦૨૩**

**રામોલઃ** સુરેશભાઇ બાબુભાઇ પટેલ (ઉ.વ.૬૫) (રહે. આરતી સોસાયટી, રામજી મંદીર પાસે અજય ટેનામેન્ટ વિભાગ-૫ વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૦૫/૦૧/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૬૬,૧૦૦/- અને રોકડ રૂપિયા ૧,૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૪૧,૧૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૭/૨૦૨૩**

**નારોલઃ** ઇમ્તીયાઝઅહેમદ બહાલઅહેમદ ફારૂકી (રહે. નેહા રો-હાઉસ બેરલ માર્કેટની અંદર લકી ટી સ્ટોલ પાછળ દાણીલીમડા) એ તા.૦૪/૦૧/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગે નારોલ થી વિશાલા તરફ જતા જે.કે.ફર્નિચર આગળ આઇસર ગાડી નંબર જીજે ૨૭ ટીટી ૬૭૦૧ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૫/૦૧/૨૦૨૩ કલાક ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ઇમ્તીયાઝઅહેમદ ફારૂકી એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૮/૨૦૨૩**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રતિલાલ આત્મારામ ઠાકોર (ઉ.વ.૬૦)(રહે.ઓમ સોસાયટી, ભરત પાર્ટી પ્લોટની બાજુમાં રબારી કોલોની અમરાઇવાડી) તા.૦૪/૦૧/૨૦૨૩ સાંજના ૬/૩૦ થી ૬/૪૫ વાગ્યાના દરમ્યાન ઘોડાસર ચાર રસ્તાથી જશોદાનગર ચાર રસ્તા તરફ જતા કેડીલાબ્રીજના મધ્ય ભાગે રોડ ઉપર એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી લાવી, એક્ટીવાને ટક્કર મારતા રતિલાલ ઠાકોરને ગંભીર ઇજાઓ થતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રતિલાલ ઠાકોરના પૌત્ર દિવ્યાંગ વિનોદભાઇ ઠાકોરે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૯/૨૦૨૩**

રામોલઃ ભીખાભાઇ આત્મારામ સોલંકી (ઉ.વ.૬૦) (રહે. વણકરવાસ રામદેવપીર મંદિર સામે વસ્ત્રાલ ગામ) તા.૦૫/૦૧/૨૦૨૩ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ખુલ્લી જગ્યામાં તાપણું કરતા હતા ત્યારે આગ લાગતા દાઝી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૦/૨૦૨૩**

**મેઘાણીનગરઃ** નીરજ ચંદ્રકાન્ત નાગદેવ (ઉ.વ.૩૦) (રહે. સિંધુ ફ્લેટ બંગ્લા એરિયા કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૩ રાતના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને આશિર્વાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૧૮ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હરિસિંહ ચલાવે છે.

**ઓઢવઃ** કુવરસિંહ રામઅવતારસિંહ ચોધરી (ઉ.વ.૪૫) (રહે. ગજરાવાડીપાર્ક સાઇપેલેસ હોટલ પાછળ એસ.પી.રીંગ રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૩ સાંજના ૬/૪૫ થી રાતના ૮/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના ભાગે લોખંડના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી